

પાગલ મારો સાવરિયો : ગાંધીનગરના કલાકારો દ્વારા નિર્મિત અને અભિનિત નાટક 'પાગલ મારો સાવરિયો' શુક્રવારે રાત્રે ટાઉનહોલમાં ભજવાયું હતું. પ્રેક્ષકોથી ખીચોખીચ હોલમાં નાટકે ભારે જમાવટ કરી હતી. ગાંધીનગર કલ્ચરલ ફોરમના સ્કૂલ ઓફ એક્ટીંગના નવોદિત કલાકારોના સ્વતંત્ર સર્જનને સૌએ ઉલ્લાસપૂર્વક વધાવ્યું હતું.

### કરાઈના ગ્રામજનોની ગીફ્ટ સીટી પાસે

# સાબરમતી નદી પર બની રહેલા પુલ સાથે સાંકળતા રોડની માંગ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર તાલુકાનું કરાઈ ગામ આમ તો લીમ્બડીયા ગામ પંચાયતના તાબા હેઠળનું છે. ગામની મોટાભાગની વસ્તી ઠાકોર સમાજની છે. લીમ્બડીયા ગામ નાના ચિલોડા પાસે નર્મદા કેનાલ પાસે વસેલું છે. અને રાજ્યના ધોરી માર્ગ ઉપર આવેલું છે. પરંતુ તેના તાબા હેઠળના ગામ કરાઈ પંચાયતની પરિસ્થિતિ ખુબજ વિકટ છે. કરાઈ ગામે જવા આવવા માટે ફક્ત એક જ રસ્તો છે. ગામની વસ્તી ઠાકોર સમાજની હોવાનો કારણે સરકારશ્રીમાં અસરકારક રજુઆતના અભાવે કરાઈની આસપાસના ગામ સાથે જોડતા પાકા રસ્તાઓ હોવા જોઈએ તેવા રસ્તાઓની સગવડ આ ગામને મળી નથી. આમ તો ગુજરાતના દરેક ગામ તેની આસપાસના ગામડાઓ સાથે પાકા રસ્તાઓથી જોડાયેલા છે. પરંતુ ગુજરાતની રાજધાનીના તાલુકાનું ગામ આ સગવડથી વંચીત રહેલું છે. ગામના પ્રજાજનોની વર્ષોની ઈચ્છા ફળીભૂત થાય તે માટે પંચાયતના સરપંચશ્રીએ ગામ પંચાયતમાં ઠરાવ કરી કરાઈ પંચાયતને બાજુના ગામ વલાદ ગામ સુધી પાકા રોડની માંગણી કરતો ઠરાવ પંચાયતની મિટિંગમાં કરેલ છે અને તેની અરજ જિલ્લા વિકાસ અધિકારીશ્રીને કરેલ છે.

જો ગામની માંગણી મુજબ નદી કિનારે વસેલા વલાદ ગામ સાથે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અન્વયે પાકો રોડ બને તો ગીફ્ટ સીટી પાસે નદી ઉપર બની રહેલા બ્રીજ સાથે સીધા સંપર્કમાં આવી શકે તેમ છે. અને ગામ લોકોને ગાંધીનગરના તેમના સમાજના ગામડાઓ સુધી જવા માટે સીધો અને ટૂંકો રસ્તો મળી શકે તેમ છે.

વધુમાં કરાઈ પંચાયતમાં ગુજરાત પોલીસની દેશની પ્રતિષ્ઠિત ટ્રેઈનીંગ સંસ્થા, કરાઈ પોલીસ અકાદમી પણ આવેલી છે. સંસ્થા સાથે સંકળાયેલા કર્મચારીઓ તથા તાલીમાર્થીઓને પણ જો વલાદ રોડ બની જાય તો ગાંધીનગર આવવા જવા માટે સુલભતા રહે તેમ છે.

ગુજરાતના દરેક ગામ આજુબાજુના દરેક ગામ સાથે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાથી પાકા રોડથી સંકળાયેલા હોય છે. પણ કરાઈ ગામ બિચારૂ તેના જ પાડોશી ગામ સાથેના પાકા રોડથી વંચીત છે.

કરાઈ પંચાયતે ઠરાવ કરી પોતાની માંગણી જિલ્લા પંચાયત સમક્ષ મુકી છે. હવે જોવાનું એ રહે છે કે જિલ્લા પંચાયત અને સરકારના દિલમાં કરાઈ ગામ પ્રત્યે કેટલી લાગણી છે તેની કરાઈ ગામ લોકો રાહ જોઈ રહ્યા છે.

જિલ્લા પંચાયતના સભ્યો તથા તાલુકા પંચાયતના સભ્યો આ કરાઈ ગામના લોકોની માગણીને ન્યાય આપશે અને સરકારશ્રીમાં મજબુત રજૂઆત કરી ગામ લોકોની અને કરાઈ પોલીસ એકેદમીના કર્મચારી અને તાલીમાર્થીઓને કેટલા વર્ષે રાહત કરી આપે છે. હાલ ગાંધીનગરથી કરાઈ પોલીસ અકાદમીમાં જવા માટે કોબા સર્કલ થઈ ભાટ ટોલનાકા પસાર કરી નદી ઉપર થઈને રીંગ રોડ ફરીને જઈ શકાય છે. ગામ લોકોની માંગણી મુજબ વલાદ સાથે પાકો રોડ બને તો ગાંધીનગર સાથે કરાઈ ગામ ટુંકા રસ્તે જોડાઈ શકે.

## સેક્ટર-૬ અંબાજી માતાનો પંદરમો પાટોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

સેક્ટર-૬-એ સ્થિત અંબાજી માતાનો પંદરમો પાટોત્સવ યોજાશે. બે દિવસીય યોજાનાર પાટોત્સવમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમ યોજાશે.

શહેરના સેક્ટર-૬-એ ઘ-૨, પેટ્રોલપંપ પાસે આવેલ અંબાજી માતાનો પંદરમો પાટોત્સવ રંગેચંગે હર્ષોલ્લાસ સાથે મનાવવામાં આવશે. તા. ૨૦ એપ્રિલ સોમવારના રોજ સાંજે ૫.૩૦ કલાકે મા અંબાજીની શોભાયાત્રા કાઢવામાં આવશે. ત્યારબાદ રાત્રે ૮.૩૦ કલાકે માતાજીના મંદિરે ભાવનાબેન પટેલના મધુર કંઠે આનંદનો ગરબો ગવાશે.

અખાત્રીજનો શુભ દિવસ એટલે તા. ૨૧ એપ્રિલ, મંગળવાર સવારે ૯.૦૦ કલાકે નવચંડી યજ્ઞનો પ્રારંભ થશે. સાંજે ૫.૩૦ કલાકે યજ્ઞમાં શ્રીફળ હોમવામાં આવશે. પાટોત્સવ દરમિયાન માતાજીને પહેરાવેલ સાડીઓનું સેલ કરવામાં આવશે. પાટોત્સવમાં નગરની ધર્મપ્રેમી જનતાને ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## અંબોડમાં નિલકંઠ મહાદેવનો ત્રિદિવસીય જીર્ણોદ્ધાર મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૧૮

સાબરમતીના કિનારે આવેલ અંબોડ ખાતે શ્રી નિલકંઠ મહાદેવ જીર્ણોધ્ધાર મહોત્સવ યોજાશે. ત્રિદિવસીય ધાર્મિક કાર્યક્રમમાં ભકતોને ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવ્યું છે.

ગાંધીનગરના અંબોડ ખાતે તા. ૨૧, ૨૨, ૨૩ના રોજ નિલકંઠ મહાદેવજીનો જીર્ણોધ્ધાર મહોત્સવ યોજાશે. તા. ૨૧ના રોજ દેહશુદ્ધિ, પ્રાયશ્ચિત, સવારે ૮.૧૫ કલાકે પંચાગકર્મ સવારે ૧૦.૦૫ કલાકે મંડપ પ્રવેશ, બપોરે ૧૨.૩૯ કલાકે સયંમ પૂજા આરતી સાંજે ૫.૧૫ કલાકે યોજાશે. બીજા દિવસે સવારે ૮.૧૫ કલાકે પૂજન, ૮.૩૦ કલાકે કુટીર હોમ સવારે ૯.૦૦ કલાકે જલયાત્રા અને નગરયાત્રા બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન અધિવસન સ્તવન અને ૫.૧૫ કલાકે આરતી કરવામાં આવશે.

પૂર્ણાહુતિના અંતિમ દિવસે સવારે પૂજન, દેવત્રબોધન, ન્યાસ દિક્ષુહોમ બાદ બપોરે ૧૨.૩૯ કલાકે પ્રાણપ્રતિષ્ઠા યોજાશે. બપોરે ૪.૦૦ કલાકે ૧૦૦૮ દીવડાની નૃત્ય આરતી યોજાશે. ત્રિદિવસીય ધાર્મિક કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા મહંત રામકુમાર દાસજી બાપુ અને અંબોડ-આનંદપુરાના ગ્રામજનોએ આમંત્રણ પાઠવ્યું છે.

## રાંદેસણમાં ૧૮ વર્ષની યુવતીનો ગળે ફાંસો ખાઈ આપઘાત

### આપઘાતનું રહસ્ય અકબંધ : ઈન્ફોસીટી પોલીસે તપાસ શરૂ કરી

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર નજીક સ્થિત રાંદેસણ ગામમાં રહેતી ૧૮ વર્ષીય એક યુવતીએ આજે બપોરના અરસામાં પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ લઈ જીવન લીલા સંકેલી નાંખી હતી. યુવતીએ કયા કારણોસર આપઘાત કર્યો તે બાબત હજુ બહાર આવી નથી. જો કે ઈન્ફોસીટી પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી ગુનાની ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

કરિયાણાનો વેપાર કરતું મુળ રાજસ્થાનનું પરિવાર ગાંધીનગર નજીક રાંદેસણ ગામમાં સ્થાયી છે. આ પરિવારની ૧૮ વર્ષની દિકરી પ્યારી ચુનીલાલ ચૌધરી આજે બપોરના સુમારે ઘરે એકલી હતી તે દરમિયાન કોઈ કારણોસર ગળે ફાંસો ખાઈ લીધો હતો. પરિવારજનોને જાણ થતાં તેણીને તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાઈ હતી. જો કે ફરજ પરના તબીબે તેણીને મૃત જાહેર કરી હતી. પ્યારીએ કયાં કારણોસર આપઘાત કરી લીધો તે બાબત હજુ રહસ્યમય છે. ઈન્ફોસીટી પોલીસે મૃતદેહ પી.એમ. કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને પીએસઆઈ એમ.આર. સડાટે વધુ તપાસ આરંભી છે.

**ટચુકડી જાહેર ખબર**
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

### જીવ કલ્યાણ સંસ્થાની બેઠક મળશે

ગાંધીનગર, તા.૧૮

જીવ કલ્યાણ સંસ્થાની માસિક બેઠક આજ રોજ રવિવારે સાંજે ૫-૦૦ કલાકે સેકટર-૨૨ પંચદેવ મંદિરના યજ્ઞ સભામંડપમાં યોજાશે. સભામાં સર્વે સભ્યોને તેમજ રસ ધરાવતા ગાંધીનગરાઓને ઉપસ્થિત રહેવા અપીલ કરવામાં આવી છે.

### આજે સે-૨૩ ખાતે આનંદનો ગરબો ગવાશે

ગાંધીનગર, તા.૧૮

સેકટર-૨૩ માઈ મંડળ દ્વારા આનંદનો ગરબો આજ રોજ રવિવાર બપોરે ૩ થી ૫.૩૦ કલાક દરમિયાન, બી-૧ ટાઈપ, સે-૨૩ ખાતે યોજવામાં આવશે. ગરબો મીનાબેન ઠાકોરના યજમાન પદે યોજાશે. ધાર્મિક જનતાને લાભ લેવા આમંત્રણ પાઠવ્યું છે.

### સે-૨૬ કિસાનનગરમાં આજે આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૧૮

માઈ મંડળ સેકટર-૨૬ દ્વારા આનંદનો ગરબો જયોત્સનાબેન જાનીના નિવાસસ્થાન પ્લોટ નં. ૩૩૯/૨, સે-૨૬-કિસાનનગર ખાતે આજ રોજ રવિવાર રાત્રે ૮.૩૦થી ૧૦.૩૦ કલાક દરમિયાન યોજવામાં આવશે. આનંદના ગરબાનો લાભ લેવા આમંત્રણ પાઠવ્યું છે.

### અગિયાર ગોળ વણકર સમાજનો સમૂહ લગ્નોત્સવ

ગાંધીનગર, તા.૧૮

શ્રી અગિયાર ગોળ વણકર સમાજનો સમૂહ લગ્નોત્સવ આગામી તા. ૧૫, મે શુક્રવારના રોજ વિસનગર ખાતે યોજાશે. સમૂહ લગ્નોત્સવમાં જોડાવા ઈચ્છુક યુવક યુવતિઓના માતા પિતાએ તા. ૨૫ એપ્રિલ સુધી નિયત ફોર્મમા અરજી કરવાની રહેશે. સમૂહ લગ્નોત્સવમાં પ્રભુતામાં પગલા પાડનાર યુગલોને ભેટ-સોગાદ આપવા ઈચ્છુક દાનવીરોએ કાન્તિભાઈ પટેલ પ્લોટ નં. ૧૮૩/૧, સેકટર-૧૪, વી.બી. પરમાર પ્લોટ નં. ૨૭૧/૧, સેકટર-૩ ન્યુ અને મોહનલાલ લેઉવા પ્લોટ નં. ૬૬/૨, સે-૩ એ ગાંધીનગરનો સંપર્ક કરવો.

### દુ:ખદ અવસાન

સેકટર-૮ સ્થિત નિમેષભાઈ અને રાકેશભાઈના પિતા કૃષ્ણકાન્ત ગીરધરલાલ પરમાર ઉ.વ. ૬૧નું તા. ૧૬ એપ્રિલ ગુરુવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૧૯ એપ્રિલ રવિવાર સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન તેમના નિવાસસ્થાન 'હરિકૃપા' પ્લોટ નં. ૩૭૭/૨, સેકટર-૮ ગાંધીનગર ખાતે રાખેલ છે.

## સોનારડા પાસે રસ્તો ઓળંગતી વૃદ્ધાનું કારની અડફેટે મૃત્યુ

### પૌત્રને લઈને રસ્તો ક્રોસ કરવા જતી હતી : પૌત્રનો આબાદ બચાવ

ગાંધીનગર, તા. ૧૮

સોનારડા ગામની વૃદ્ધ તેણીના પૌત્રને લઈને સોનારડા બસ સ્ટેન્ડ રોડ ઓળંગી રહી હતી ત્યારે બેફામ ગતિએ આવતી એક કારે ટક્કર મારતા વદ્ધાનું કરૂણ મૃત્યુ નિપજ્યું હતુ, જ્યારે પૌત્રનો આબાદ બચાવ થયો હતો. ડભોડા પોલીસે કાર ચાલક સામે મૃતકના દિકરાની ફરીયાદને આધારે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

સોનારડા ગામમાં રહેતા ૬૫ વર્ષિય કમલાબેન કવાભાઈ નાયક ગઈ સમી સાંજે તેમના પૌત્રને લઈને સોનારડા બસસ્ટેન્ડ પાસેનો રોડ ક્રોસ કરી રહ્યા હતા તે દરમ્યાન રોડ પર ફૂલ સ્પીડે આવેલી જીજે ૧૮બી.એ.૫૧૧૪ કારે કમલાબેનને જબરદસ્ત ટક્કર મારતાં તેઓ ગંભીર રીતે ઘવાયા હતા. જો કે સદભાગ્યે પૌત્ર થોડો આગળ નીકળી જતાં તેનો આબાદ બચાવ થયો હતો. તો બીજી તરફ માથાના ભાગે ગંભીર ઈજાઓ થવાથી કમળાબેનનું ઘટનાસ્થળે જ કરૂણ મૃત્યુ થયુ હતુ. મૃતકનો પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ મોકલી ડભોડા પોલીસે મૃતકના દિકરા અશોકભાઈની ફરીયાદ મુજબ કાર ચાલક પટેલ રશ્મિનકુમાર ચિમનભાઈ સામે ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી શરૂ કરી છે. બાયડનો આરોપી રશ્મિન પટેલ તેના બિમાર પિતાની ખબર કાઢીને હોસ્પિટલથી ઘરે જઈ રહ્યો હતો ત્યારે અકસ્માત સર્જાયો હતો.

## દંતાલી નર્મદા કેનાલમાંથી બિનવારસી મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર નજીક સ્થિત દંતાલી નર્મદા કેનાલમાંથી આજે બપોરના અરસામાં એક અજાણ્યા આધેડનો તરતો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. અડાલજ પોલીસને ઘટનાની જાણ થતાં ઘટનાસ્થળે પહોંચી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.જો કે હજુ સુધી મૃતકની ઓળખ થઈ શકી નથી.

પ્રાપ્ત માહિતી મુજબ આજે બપોરનાં અરસામાં ગાંધીનગર નજીકની દંતાલી નર્મદા કેનાલ માં આશરે ૫૦ વર્ષના અજાણ્યા પુરુષનો તરતો મૃતદેહ મળી આવતા સિકયુરીટી ગાર્ડે તાત્કાલિક અડાલજ પોલીસનો સંપર્ક કર્યો હતો. અડાલજ પોલીસ મથકના જમાદાર કાનજીભાઈ ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને મૃતદેહ બહાર કઢાવી તપાસ કરતા તેની ઓળખ થાય તેવા કોઈ પુરાવા મળી આવ્યા ન હતાં. પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતકની ઓળખ તથા વાલીવારસ માટે તથા મૃત્યુનું કારણ બહાર લાવવા માટે ઊંડી તપાસ શરુ કરી છે.

## જનકપુર-નેપાળ રામકથામાં ભોગ બનેલા યાત્રિઓ ઉચ્ચકક્ષાએ રજૂઆત કરશે

ગાંધીનગર, તા.૧૮

જનકપુર-નેપાળમાં રામકથાનું આયોજન બહાને ગાંધીનગર અને અમદાવાદના સિનિયર સિટીજનો સાથે લોક વિચાર સેવા ટ્રસ્ટ દ્વારા ૧૨૦૦ જેટલા યાત્રીઓ સાથે છેતરપિંડી કરવામાં આવી છે. આ બાબતને લઈને ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવા સંકલન સમિતિની બેઠકનું આયોજન કર્યું છે.

જનકપુર-નેપાળ ખાતે રામકથા રદ થતા ભોગ બનેલા ગાંધીનગરના સિનિયર સિટીજનો દ્વારા બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી ૨૩ એપ્રિલ, સવારે ૧૧-૦૦ વાગે પાટનગર યોજના ભવન ખાતેના બગીચામાં યોજાશે. બેઠકમાં છેતરપિંડી કરનાર સામે કડકમાં કડક પગલા ભરવા માટે આગામી સમયમાં રાજયપાલ, મુખ્યમંત્રી, ગૃહમંત્રી, મુખ્ય સચિવ, ગૃહ સચિવ, વિપક્ષના નેતા, ગાંધીનગરના મેયર, ધારાસભ્ય, કલેકટર, પોલિસ મહાનિર્દેશકને આવેદનપત્ર આપવામાં આવશે. તેમજ ઝડપથી કાર્યવાહી કરવા સી.આઈ.ડી. ક્રાઈમને તપાસ સોંપવા રજુઆત કરવામાં આવશે. આ બેઠકમાં છેતરપિંડીનો ભોગ બનેલા તમામ સિનિયર સિટીજનોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

## જય અંબે પરિવારના અગ્રણી કાંતિભાઈ પટેલનું દુ:ખદ અવસાન

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરના જય અંબે પરિવારના સ્થાપના દિનથી સતત કાર્યરત અને હાલ આંતરિક ઓડિટર તરીકેની સેવા આપી રહેલા કાંતિભાઈ જે. પટેલનું તા. ૧૭ મી એપ્રિલ શુક્રવારે સિવિલ હોસ્પિટલમાં દુ:ખદ નિધન થવા પામ્યુ છે. સદગતનું બેસણું તેમના હાલના નિવાસસ્થાન સી.-૧૪ શાંતિનગર સોસાયટી, ક-રોડ,વાવોલ ખાતે તા. ૨૦મી એપ્રિલ સોમવારે સવારે ૮ થી ૧૧ વાગ્યા દરમ્યાન રાખવામાં આવ્યું છે. અમદાવાદ ખાતેની મહાત્મા ગાંધી વિચારધારા ધરાવતી એક શ્રેષ્ઠ સંસ્થા ગાંધી વિદ્યાપીઠના ઓડીટર તરીકેની સેવા બજાવી વય નિવૃત્તિને કારણે નિવૃત્ત થયા પછી સ્વર્ગસ્થે 'સેવા' શબ્દને જીવનમંત્ર બનાવી માત્ર શ્રી જય અંબે પરિવાર ગાંધીનગરની જ નહિ પણ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ગાંધીનગમાં પણ સેવા અર્પણ કરતાં હતા. જેની નોંધ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ગાંધીનગરના પ્રમુખે પણ લીધેલ છે.

શાંતિનગર હાઉસીંગ સોસાયટી, વાવોલમાં પણ તેઓ પ્રમુખ તરીકેની સેવાઓ અર્પણ કરતા હતા. ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજિત નવરાત્રી મહોત્સવમાં માતાજીના રથ ઉપર પણ તેઓ પ્રસંશનીય સેવાઓ અર્પણ કરતા હતા.

તેમના નિધનના સમાચાર જાણી ઘણી બધી ધાર્મિક, સામાજીક અને અન્ય રચનાત્મક સંસ્થાઓના પ્રતિનિધિઓએ સ્વર્ગસ્થના નિવાસસ્થાને પધારીને તેમના પરિવારજનોને આ દુ:ખદ પળોમાં દિલસોજી પાઠવેલ છે.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૭
સૂર્યાસ્ત : ૭.૦૨

### તાપમાન

મહત્તમ : ૪૨.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૫ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૩૭ ટકા ● સાંજે ૧૬ ટકા

### મનોરંજન

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૧ :**
ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ ૭ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૨ :**
ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (હિન્દી) : ૯.૧૫, ૧૨.૧૫, ૬.૩૦
ડિટેકટીવ વ્યોમકેશ બક્ષી : ૩.૧૫, ૯.૩૦

**સ્ક્રીન-૩ :**
ધરમ સંકટ મેં : ૧૦.૪૫, ૧.૩૫, ૪.૪૫, ૭.૧૫, ૧૦.૦૫

**સ્ક્રીન-૪ :**
એક પહેલી લીલા : ૯.૪૫, ૧૨.૫૦, ૩.૫૫, ૭.૦૦, ૧૦.૦૫

**સિટીપલ્સ**

**સ્ક્રીન-૨ :**
મિ. એક્સ : ૩.૩૦, ૧૦.૦૦
માર્ગરીટા વીથ અ સ્ટ્રો : ૭.૦૦

**સ્ક્રીન-૩ :**
મિ. એક્સ : ૧૨.૪૫, ૬.૪૫
ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ ૭ : ૩.૪૫, ૯.૪૫
ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (હિન્દી) : ૧૨.૩૦

**સ્ક્રીન-૪ :**
જો બકા : ૧૦.૦૦
ડિટેકટીવ વ્યોમકેશ બક્ષી : ૧.૦૦
લીલા : ૪.૦૦, ૧૦.૧૫
ધરમ સંકટ મેં : ૭.૦૦

**સ્ક્રીન-૫ :**
મિ. એક્સ : ૧૦.૦૦
લીલા : ૧૨.૪૫
માર્ગરીટા વીથ અ સ્ટ્રો : ૩.૩૦, ૧૦.૦૦
ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (હિન્દી) : ૧૦.૦૦, ૩.૪૫
એન. એસ. ૮ : ૫.૩૦, ૭.૩૦

### આપની આજ

**મેષ** : સામાજિક કાર્યોમાં સક્રિયા ભાગીદારી રહેશે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

**વૃષભ** : વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

**મિથુન** : કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે. શુભ સમાચાર પ્રાપ્ત થઈ શકશે. માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

**કર્ક** : વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

**સિંહ** : આર્થિક લાભનાં સ્રોતોથી સંબંધી સમસ્યઓ છતાં કાર્યમાં પ્રગતિ જણાશે. વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

**કન્યા** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

**તુલા** : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે. સત્સંગ થશે.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. આજે અટકેલા કાર્ય સમય પર પૂરા થઈ શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

**મકર** : સામાજિક ક્ષેત્રોમાં લાભ મળી શકશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે.

**કુંભ** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ છે. સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે.

### ચિરવિદાય

- સ્વ. ઉમેદબા કાળુસિંહ રાણા (ઉ.વ.૮૦) મુ. નવા ધરમપુર, તા.જી. ગાંધીનગર
- રેવાબેન ગાંડાજી ઠાકોર (ઉ.વ.૮૦) મુ. શિહોરી મોટી, તા.જી. ગાંધીનગર
- સ્વ. ડૉ. સુરેશભાઈ પ્રાણશંકર ઠાકર (ઉ.વ.૫૨) પ્લોટ નં. ૩૫૬/૨, સેકટર-૧૨સી, ગાંધીનગર
- સ્વ. મુળજીભાઈ જુહાભાઈ રાઠોડ (ઉ.વ.૫૦) પ્લોટ નં. ૧૨૧૪/૧, સેકટર-૪સી, ગાંધીનગર
- સ્વ. બળતેવજી ફુલાજી રાઠોડ (ઉ.વ.૭૫) મુ. લીંબોડરા, તા. માણસા, જી. ગાંધીનગર